વલસાડ જિલ્લામાં ભારે વરસાદ સાથે પવન ફુંકાતા કુંડી ગામમાં 10થી વધુ ઘરના છાપરા ઉડ્યા

વલસાડમાં દીવાલો તૂટી, વૃક્ષો ઘર પર પડ્યા, ઘરોમાં પાણી ભરાયા

ભારે પવનથી પતરાના આખાને આખા શેડ હવામાં ઉડ્યા

વલસાડમાં વહેલી સવારે પડેલા ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

વલસાડ જિલ્લામાં મળસ્કે અઢી ઈંચ વરસાદથી શાળાઓમાં રજા આપી દેવી પડી

વલસાડ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

વલસાડ	4.4 ઈંચ
દમણ	3.54 ઈંચ
વાપી	2.4 ઈંચ
પારડી	1.7 ઈંચ
ધરમપુર	1.5 ઈંચ
કપરાડા	1.4 ઈંચ
ઉમરગામ	1.2 ઈંચ

વલસાડ : વલસાડ જિલ્લામાં વરસાદની ગતિ ફરીથી વધી હતી. જેમાં વલસાડ તાલુકામાં મંગળવારે મળસ્કે 2 કલાકમાં જ અઢી ઈંચ વરસાદ વરસી જતાં ફરીથી ઠેર-ઠેર પાણી ભરાયા હતા. પાણી ભરાવાના કારણે જિલ્લાની સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી. જોકે, સવાર થતાં વરસાદ ધીમો પડ્યો હતો. અને બપોરે તડકો પડી ગયો હતો. સવારના વરસાદને લઈ રજા મળતાં બપોરની પાળીના વિદ્યાર્થીઓએ પણ રજાની મોજ લીધી હતી.

વલસાડમાં મંગળવારે મળસ્કે 4 થી 6 વાગ્યાના સમયે અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જેના કારણે ફરીથી વલસાડના છીપવાડ, એમજી રોડ, વીપી રોડ, ગૌરવ પથ, તિથલ રોડ, ધરમપુર રોડ અબ્રામા વિસ્તાર સહિત અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. જેને લઈ વાહન વ્યવહાર મુશ્કેલ બન્યો હતો. શહેરના સરકીટ હાઉસ સામેની મુખ્ય પોસ્ટ ઓફિસના પરિસરમાં પણ પાણી ભરાતા લોકો ભારે મુશ્કેલીમાં મૂકાયા હતા. વલસાડ શહેરની આ પરિસ્થિતિને લઈ વલસાડ જિલ્લા વિકાસ અધિકારીએ એક ટ્વીટ કરી સમગ્ર જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરી દીધી હતી. જોકે, રજા જાહેર થાય બાદ 9 વાગ્યા સુધીમાં વરસાદી પાણી ઓસરી ગયા હતા. વલસાડ સિવાય જિલ્લામાં અન્યત્ર આટલો ભારે વરસાદ જોવા મળ્યો ન હતો. જોકે, જિલ્લામાં સવાર સુધી વરસાદી વાતાવરણ છવાયેલું રહ્યું હતુ. બપોરે 12 વાગ્યા પછી જિલ્લાના મહત્તમ વિસ્તારમાં તડકો પણ પડ્યો હતો. જેને લઈ વરસાદી પાણી ઓસરી ગયા હતા.

વલસાડ તાલુકાના કુંડી ગામમાં હાજી તળાવ ફળિયામાં આજે સવારે 6 વાગ્યા આસપાસ ભારે પવન ફુંકાતા લગભગ ૧૦ થી ૧૫ ઘરના પતરા ઉડતા લોકોમાં ભય ફેલાયો હતો, તો ભારે પવન અને વરસાદને કારણે કેટલાક ઘરોની દીવાલ પણ તૂટી ગઈ હતી, અનેક જગ્યાએ વૃક્ષોની ડાળીઓ તૂટી ઘરો પર પડતાં ઘરોને નુકશાન પહોચ્યું હતું. પવનને લઈ પતરાના આખાને આખા શેડ હવામાં ઉડ્યા હતા. જેના કારણે ઘરના બારણામાં તેમજ શેરી રસ્તા પર પતરાના ટુકડા ફેલાયા જોવા મળ્યા હતાં. ઘરોના પતરા તૂટી જતાં ઘરોમાં પાણી ભરાતા લોકોના સર સામાન, અનાજ, ફર્નિચરને મોટું નુકશાન પહોચ્યું હતું. જોકે સદનસીબે કોઈ જાનહાનિ કે દુર્ઘટના સર્જાઈ ન હતી.

વલસાડના હાલર એપાર્ટમેન્ટનો ગેલેરીનો સ્લેબ તૂટી પડ્યો

વલસાડ : વલસાડના હાલરમાં એપાર્ટમેન્ટના પ્રથમ માળનો ગેલેરીનો સ્લેબ તૂટી પડતાં ભાગદોડ મચી જવા પામી હતી. મંગળવારે વહેલી સવારે હાલરમાં જર્જરિત સાંઈકૃપા એપાર્ટમેન્ટનાં પ્રથમ માળની ગેલેરીનો સ્લેબ અચાનક તૂટી નીચે બે દુકાનના પતરા પર પડતા પતરાં તુટી ગયા હતાં. આ ઘટનામાં દુકાન બંધ હોય જેના કારણે મોટી ઘટના થતા અટકી ગઈ હતી. જે એપાર્ટમેન્ટનો સ્લેબ તૂટ્યો હતો, એ એપાર્ટમેન્ટમાં આઘેડ દંપતી રહે છે. આ ઘટના બન્યા બાદ નનકવાડા ગ્રામ પંચાયતે તાત્કાલિક એપાર્ટમેન્ટમાં રહેતા લોકોને નોટિસ આપીને બિલ્ડીંગ ખાલી કરવા માટે જણાવ્યું છે.

દમણમાં તોતિંગ ઝાડ તૂટતાં વીજપોલ ધરાશાયી

દમણમાં 24 કલાકમાં 3.54 ઈંચ જેટલો વરસાદ વરસ્યો

દમણ : સંઘપ્રદેશ દમણમાં સોમવારની મોડી સાંજ પછી મુશળધાર વરસાદ વરસવાનું શરૂ થયુ હતું. જે બાદ મંગળવારે મળસ્કેથી ફરી ભારે પવનના સુસવાટા સાથે જોરદાર વરસાદ વરસતા દેવકા રોડ પાસે તોતિંગ ઝાડ તૂટી ગયુ હતું. જેને પગલે વીજપોલ પણ રસ્તાની બાજુએ પડ્યો હતો. બીજી તરફ ભારે પવન સાથેના વરસાદથી નાની દમણની માછી મહાજન શાળાની પતરાની છત પણ ઉખડી જવા પામી હતી. ભેંસલોર ઉદ્યોગ ભવન પાસે એક પાણીની ટાંકીમાં રાષ્ટ્રીય પક્ષી મોર પડતાં તેને પણ ફાયર વિભાગ દ્વારા બચાવી લેવામાં આવ્યું હતું. જ્યારે પ્રદેશના વિવિધ માર્ગો પર ગુજરાત વીજ કંપની જેટકો દ્વારા અંડર ગ્રાઉન્ડ કેબલ નાંખવાની કામગીરી કર્યા બાદ તેનું વ્યવસ્થિત પુરાણ કાર્ય ન કરતાં વરસાદના પાણીમાં ખોદેલા ખાડામાં માટી ધસી જતાં 2 થી 3 ફુટના ઊંડા ખાડા પડી જવા પામ્યા હતા. ડાભેલના આંટીયાવાડ વિસ્તારમાં પડેલા મોટા ખાડા પાસે જાગૃત નાગરિકો દ્વારા બેરી ગેટ્સ તથા છોડવાઓ મુકી લોકોને સચેત કરતા જોવા મળ્યા હતા. દમણમાં 24 કલાક દરમ્યાન 3.54 ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. 1 જૂનથી લઈ 2 જુલાઈ સુધી દમણમાં 16.20 ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે.

હાલરમાં વીજ તાર તૂટતાં વીજ પુરવઠો ખોરવાયો

વલસાડના હાલર વિસ્તારમાં મંગળવારે વીજ તાર તૂટવાનો બનાવ બન્યો હતો. જેના કારણે સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. આ ઘટનાના પગલે અનેક લોકો હેરાન પરેશાન થઇ ગયા હતા. જોકે, તાર તૂટવાની ઘટના બાદ વીજ કંપનીના કર્મચારીઓ તુરંત કામે લાગતાં ટુંક સમયમાં જ વીજ પુરવઠો યથાવત થઇ ગયો હતો.

વલસાડ ઔરંગા નદીનો ડેમ છલકાયો

વલસાડ શહેરને પાણી પુરો પાડતો વલસાડ અબ્રામા વોટરવર્કસનો ઔરંગા નદીનો ડેમ છલકાયો હતો. જેના કારણે હવે પાલિકાને પાણીના વિતરણની સમસ્યા પૂર્ણ થઇ હતી. હવે સમગ્ર ચોમાસા દરમિયાન તમામ વિસ્તારમાં પૂરતું પાણી મળી રહેશે.

સર્કિટ હાઉસમાં વૃક્ષ ધરાશાયી

વલસાડમાં ભારે વરસાદના કારણે સિવિલ હોસ્પિટલ બાદ મંગળવારે સર્કિટહાઉસ પરિસર સ્થિત વૃક્ષ ધરાશાયી થયું હતુ. જોકે, પરિસરના વૃક્ષ પડવાની ઘટનાના કારણે કોઇ જાનહાની કે મોટી નુકશાની થઇ ન હતી. વરસાદને લઇ હવે વલસાડમાં વૃક્ષ પડવાથી લોકો ચેતે એ જરૂરી બન્યું છે.

બાલચોંડી નજીક માર્ગ પર વૃક્ષ તૂટી પડતાં કલાકો સુધી ટ્રાફિક જામ

વલસાડ : કપરાડા તાલુકાના નાનાપોંઢા-વાપી માર્ગ ઉપર બાલચોંડી નજીક મંગળવારે સવારે ભારે વરસાદથી તોતિંગ વૃક્ષ ઉખડી જઈ માર્ગ ઉપર પડતાં ધરમપુર-વાપીનો માર્ગ આશરે અઢી કલાક સુધી ખોરવાયો હતો. વહેલી સવાર હોઈ નોકરિયાતો, વેપારીઓ, શાકભાજીના વેપારીઓ અને શાળાએ જતા વિદ્યાર્થીઓ અટવાઈ પડ્યા હતા. સ્થાનિક આગેવાનોએ તંત્રને જાણ કરવા છતાં કલાકો સુધી કોઈ નહીં ફરકતા સરપંચ, આગેવાનો અને યુવાનોએ જેસીબી અને અન્ય વસ્તુઓ વડે વૃક્ષને માર્ગ ઉપરથી હટાવ્યા બાદ વાહન વ્યવહાર ફરી શરૂ થયો હતો.

ડાંગ જિલ્લામાં ધોધમાર વરસાદ પડતા પાણીની રેલમછેલ ફરી વળી

ડાંગ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

વઘઇ	3.16 ઈંચ
આહવા	2.04 ઈંચ
સુબિર	1.04 ઈંચ
સાપુતારા	13 મીમી

ગિરીશ ભોયે

વરસાદી માહોલને લઈને ડાંગી ખેડૂતો પરંપરાગત હળ સાથે ખેતીમાં જોતરાયા

સાપુતારા : રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં મંગળવારે વઘઇ, સુબિર, આહવા, સાપુતારા, સહિતના પંથકોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક મધ્યમ સ્વરૂપેનો વરસાદ તૂટી પડતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. મંગળવારે ડાંગ જિલ્લાનાં વઘઇ પંથકમાં અવિરતપણે ધોધમાર વરસાદ પડતા કોતરડા, ક્યારાઓ સહિત ઝરણાઓ ડહોળા નીરની સાથે ઉભરાયા હતા. સાથે સૂકી ભઠ અંબિકા નદીમાં અમુક જગ્યાએ નવા નીર જોવા મળ્યા હતા. ડાંગ જિલ્લામાં વરસાદે વિધિવત એન્ટ્રી કરતા ખેડૂતો પરંપરાગત હળ સાથે ખેતીમાં જોતરાયા હતા. જ્યારે ગિરિમથક સાપુતારા ખાતે પણ ભારે પવનનાં સુસવાટા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. વરસાદી માહોલમાં ગિરિમથક સાપુતારા, ડોન હિલ રિસોર્ટ, મહાલ કેમ્પ સાઇટ, કિલાદ કેમ્પ સાઈટ તથા દેવીનામાળ કેમ્પ સાઈટનું વાતાવરણ સોળે કળાએ ખીલી ઉઠતા ફરવા આવેલા પ્રવાસીઓનો ઉન્માદ બેવડાયો હતો. ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમ્યાન સાપુતારા પંથકમાં 13 મીમી, સુબિર પંથકમાં 26 મીમી અર્થાત 1.04 ઈંચ, આહવા પંથકમાં 51 મીમી અર્થાત 2.04 ઈંચ જ્યારે સૌથી વધુ વઘઇ પંથકમાં 79 મીમી અર્થાત 3.16 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

કસ્ટમ ઓફિસરની ઓળખ આપી નવસારીની મહિલા પાસેથી 1.40 કરોડ રૂપિયા પડાવનાર 10 ઝડપાયા

પોલીસ 6 ટીમ બનાવી રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા તથા યુ.પીથી આરોપીઓની પકડી પાડ્યા

નવસારી : નવસારી તાલુકાના કસ્ટમ ઓફિસરની ઓળખ આપી અને બ્લેકમેઈલ કરી 1.40 કરોડ રૂપિયા પડાવનાર 10 લોકોને નવસારી એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી તાલુકાના ટોળી ગામે પટેલ ફળીયામાં રહેતી ગીતાબેન દિવ્યેશભાઈ પટેલના પતિના મોબાઈલ ફોન ઉપર એક ઇસમે કસ્ટમ ઓફિસર અને બીજા ઇસમે સી.બી.આઈ. ઓફિસરની ઓળખ આપી ગીતાબેનના નામનું દિલ્હીથી કંબોડિયા પાર્સલ જેમાં 8 આઈ.ડી. ની કોપી, 8 નકલી પાસપોર્ટ, 15 એ.ટી.એમ., 15 શર્ટ અને 10 પેન્ટ સાથે કુલ 9.5 કિલોનું પાર્સલ દિલ્હી ખાતે પકડાયું હોવાનું જણાવી ડેપ્યુટી ડીરેક્ટર સી.બી.આઈ. ના હેડ ઓફિસની સહીવાળું બનાવટી આઇકાર્ડ મોકલી ગીતાબેનના નામનો મની લોન્ડરિંગ કેસનો લેટર તથા ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ ન્યુ દિલ્હીના નામની બનાવટી નોટિસ મોકલી ગીતાબેનને મની લોન્ડરિંગ કેસ કરવાની ધમકી આપી રકમની માંગણી કરી હતી. જેથી ગીતાબેને 1.40 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી ઓનલાઈન છેતરપિંડી કરી હોવાની નવસારી સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ બાબતે સાયબરની તપાસમાં ગુનામાં સંડોવાયેલા આરોપીઓ ભારત દેશના અલગ-અલગ રાજ્યના હોવાનું જણાયું હતું. જેથી પોલીસ 6 ટીમ બનાવી રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા તથા યુ.પી. રવાના કરી હતી. જે ટીમોએ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ પૈકી 10 આરોપીઓની પકડી પાડી કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે. આ સિવાય પોલીસે મોબાઈલ ફોન, લેપટોપ કબજે કરી આ સમગ્ર રેકેટમાં ઉપર સુધી કોણ સંડોવાયેલું છે તથા અન્ય આરોપીઓની તપાસ હાથ ધરવામાં આવી છે.

ઝડપાયેલા આરોપીઓ

(1) યશરાજ ડાંગી (રહે, યુ.પી.) (2) અમરજીત શ્રીરામ સિસોદિયા (રહે. રાજસ્થાન) (3) ગજેન્દ્રસિંહ ભાટી (રહે. રાજસ્થાન) (4) મનોહર ધનારામ પ્રજાપતિ (રહે. રાજસ્થાન) (5) રવિ જહાંગીર (રહે. રાજસ્થાન) (6) સંતોષ લાડુમોર (હરીઓમ નગર, ગોડાદરા, સુરત) (7) પ્રતિક પટેલ (ગ્રીન વેલી રેસીડન્સી, ડિંડોલી, સુરત) (8) વિવેક પટેલ (ગ્રીન વેલી રેસીડન્સી, ડિંડોલી, સુરત) (9) હર્ષિત ત્રિવેદી (યુ. પી.) (10) મનીષ પ્રભુલાલ ભેરવી (રાજસ્થાન)

ટાંકલમાં ચીકન ખાવાની જૂની અદાવતમાં હુમલો કરનાર સુરતના ચાર શખ્સો સામે ગુનો

ઘેજ : ચીખલીના ટાંકલ ગામમાં સુરતથી ચીકન ખાવા આવેલા શખ્સને જૂની અદાવત રાખી લોખંડના પાઈપ વડે મારતા પોલીસે સુરતના ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ફરિયાદી અમરજીતસિંગ બીરેન્દ્રસિંગ યાદવ (ઉ ૨૮) (રહે. સાઈ યુનિટી રો-હાઉસ, ભેસ્તાન સુરત) મિત્ર દીપકભાઈ રામસિંહ, અનિતાબેન પરિહાર, ખુશીબેન તથા એક મિત્ર સાથે સુરતથી આર્ટિગા નં. જીજે-૦૫-સીયું-૬૫૭૧ લઈ ચીખલી તાલુકાના ટાંકલ ખાતે ચિકન ખાવા માટે આવ્યા હતા. જમી પરવારીને સુરત જવાની તૈયારી કરી રહ્યા હતા. તે દરમ્યાન ત્યાં ઈશરાર અલિયાસ ઉર્ફે છોટે મોહમદ રફીભાઈ ખાન, નવસાદ મોહમદ રહીભાઈ ખાન, વિનોદ ઉર્ફે રોકી સૂર્યાદેવ વર્મા (ત્રણેય રહે. ઉન સુરત) તથા તેમની સાથે આવેલા એક અન્ય ઈસમે આવી દીપકભાઈ રામસિંહ સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ઈશરાર અલિયાઓ લોખંડના પાઈપ વડે પગના ભાગે ફટકા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થયા હતા.

જોકે ઈજાગ્રસ્ત દીપકભાઈને સુરતની હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઉપરોક્ત બનાવ બાબતે પોલીસે ઈશરાર અલિયાસ, નવસાદ, વિનોદ ઉર્ફે રોકી (ત્રણેય રહે. ઉન સુરત) તથા તેમની સાથે આવેલા એક અન્ય ઈસમ મળી કુલ ચાર સામે ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પીઆઈ કરી રહ્યા છે.

ઉમરગામ GIDCની કંપનીમાં આગથી મટીરીયલ મશીનરી બળીને ખાખ

ઉમરગામ : ઉમરગામ GIDC સ્થિત એસ એન એગ્રો ફૂડ કંપનીમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. આગમાં માલ મટીરીયલ મશીનરી અને ખાદ્ય પદાર્થોનો માલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

ઉમેશ સોલંકી

ઉમરગામ જીઆઈડીસી સેકન્ડ ફેસમાં આવેલી ફરસાણ બનાવતી એસ એન એગ્રો ફૂડ કંપનીમાં મંગળવારે સવારે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. બનાવની જાણ ફાયર વિભાગને થતા ઉમરગામ નગરપાલિકા ઉમરગામ જીઆઈડીસી નોટિફાઇડ ફાયર ફાઈટરની ટીમ ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં માલ મટીરીયલ મશીનરી તથા ખાદ્ય પદાર્થોનો માલ સામાન બળીને ખાખ થઈ જતા કંપનીને આર્થિક નુકસાન થયું હતું. આગમાં કેટલુ નુકસાન થયું અને કયા કારણોસર આગ લાગી તે જાણવા મળ્યું નથી. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

અતુલ ફાઉન્ડેશન એક દિવસમાં એક લાખ વૃક્ષો વાવશે

વલસાડ : વલસાડ તાલુકાના અતુલ ફાઉન્ડેશન દ્વારા તા. ૩ જુલાઈ ૨૦૨૪ના રોજ એક દિવસમાં એક લાખ વૃક્ષો વાવવાનું મિશન હેઠળ મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ- સંજીવનીનું આયોજન કરવામાં આવ્યું છે. અતુલ ફાઉન્ડેશનના સીએસઆરના સિનિયર મેનેજર અનુરાગ શ્રીવાસ્તવે જણાવ્યું કે, ટીમ અતુલના સભ્યો, વિક્રેતાઓ સહિત ૨૫ હજારથી વધુ સ્વયંસેવકો આ પહેલમાં ભાગ લેશે. આ વૃક્ષારોપણ અભિયાન ભારતમાં અને ભારત બહારના સાત દેશોમાં યોજાશે. જનરલ મેનેજર ઘનશ્યામ ગૌદાણીએ જણાવ્યું કે, એક વૃક્ષનું સરેરાશ આયુષ્ય ૫૦ વર્ષ ગણીએ તો આ અભિયાન પૃથ્વીમાંથી ૧૧,૦૦,૦૦,૦૦૦ kg CO_2 નું શોષણ કરી શકશે, જે પૃથ્વીને નવું જીવન પ્રદાન કરવા સમાન છે. શીતલ સોનીએ પીપીટી દ્વારા કસ્તુરભાઈ લાલભાઈ દ્વારા સ્થાપવામાં આવેલી અતુલ કંપનીની સેવાકીય પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી. આ અભિયાનમાં આસપાસના ૨૦ ગામના લોકો જોડાશે. આ પ્રેસ કોન્ફરન્સમાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન કરી માહિતી આપી હતી.

દમણની તનિષ્કા જ્વેલર્સમાં રૂપિયા 1.40 કરોડના સોનાના દાગીનાની ચોરી

મોડી રાત્રે ધોધમાર વરસતા વરસાદ વચ્ચે ત્રણથી ચાર ચોર દુકાનની દિવાલમાં બોકારૂ પાડી દાગીના લઈ ફરાર

દમણ : સંઘપ્રદેશ દમણના તનિષ્કા જ્વેલર્સમાં વરસતા વરસાદની મોડીરાત્રે તસ્કરોએ દુકાનની દિવાલમાં બોકારૂ પાડી દુકાનની અંદર પ્રવેશી શોકેસમાં મુકેલા કરોડોના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

નાની દમણના ઝાંપાબાર ખારીવાડ મેઈન રોડ પાસે તનિષ્કા જ્વેલર્સમાં મંગળવારે મોડીરાત્રે ભારે વરસતા વરસાદ વચ્ચે 3 થી 4 ચોર દુકાનની પાછળની દિવાલમાં બોકારૂ પાડી અંદર પ્રવેશ્યા હતા. ગણતરીની મિનિટોમાં જ દુકાનના શોકેસમાં મુકાયેલા સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ સવારે દુકાનદાર દુકાને પહોંચ્યા બાદ દુકાન ખોલી અંદર પ્રવેશતા દુકાન ખાલીખમ જોવા મળી હતી. ચોરી થઈ હોવાનું જણાતા દુકાનદારે દમણ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ નાની દમણ પોલીસ મથકના ઈન્ચાર્જ પીએસઆઈ વિશાલ પટેલ ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. મળી રહેલી જાણકારી મુજબ અજાણ્યા તસ્કરો દુકાનના શોકેસમાંથી આશરે રૂપિયા 1.40 કરોડના દાગીના ચોરી કરી ગયા હતા. જ્યારે દુકાનના લોકરમાં રાખેલા દાગીના અકબંધ હોવાનું દુકાનદારે પોલીસને જણાવ્યું છે. ત્યારે હાલ તો પોલીસે અજાણ્યા ચોરટા સામે ગુનો દાખલ કરી સી.સી.ટીવી કેમેરાના ફૂટેજને આધારે ભાગી છૂટેલા ચોરોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાને પગલે મોડી સાંજે વલસાડની FSLની ટીમ તથા ડોગ સ્કોર્ડની ટીમ પણ બનાવ સ્થળે આવી જરૂરી તપાસ કરી હતી.

જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને તેમજ જાહેર જનતાને આ નોટીસથી જાહેર કરી જણાવવામાં આવે છે કે, હમારા અસીલણ લક્ષ્મીબેન તે વલ્લભભાઈ પટેલની પુત્રી અને ભીખુભાઈ પટેલની પત્નીના મર્હુમ માતા સીતાબેન તે વલ્લભભાઈ પટેલની વિધવા તથા ભાઈઓ મહેન્દ્ર વલ્લભભાઈ પટેલ, સુરેશ વલ્લભભાઈ પટેલ તેમજ મુકેશભાઈ વલ્લભભાઈ પટેલનાઓના સંયુક્ત માલીકીપણામાં નીચે મુજબના વિગત-વર્ણનવાળી જમીન-મિલકત ચાલી આવેલ હતી.

:: બિનખેતીની જમીનો તથા ઘર વાળી મિલકતના વિગત-વર્ણન ::

મોજે નવસારી, તાલુકોઃ નવસારી શહેર, જીલ્લોઃ નવસારીની બિન ખેતીની જમીન કે જે લક્ષ્મી નિવાસ તરીકે ઓળખાઈ છે જે, ટીકા નં. ૮૬, સી.સ.નં. ૩૮૨૧, ૩૮૨૨ અને ૩૮૨૩, ક્ષેત્રફળ અનુક્રમે ૧૪૭.૦૦ ચો.મી. ૧૪૭.૦૦ ચો.મી. અને ૧૨૧૭.૦૦ ચો.મી. વાળી જમીન તથા તેના પર આવેલ રહેણાંક હેતુ માટેનું મકાન કે જેના મ્યુ. ઘર નં. ૧૬૭૨/૦, ૧૬૭૩/૦ અને ૧૬૭૪/૦ વાળી જમીન-મકાન મિલકતમાં આવવા-જવાના રસ્તાના હકક સાથેની જમીન-મકાન મિલકત.

ઉપરોક્ત મુજબની જમીનો તથા ઘર વાળી મિલકતમાં મર્હુમ માતા સીતાબેન તે વલ્લભભાઈ પટેલની વિધાના વારસદારોમાં ત્રણ ભાઈઓ સાથે હમારા અસીલણ અને બેન અન્સુયા સંગહાર તે વલ્લભભાઈ પટેલની પુત્રીનાઓ ચાલી આવેલ અને જેમના વારસદારો તરીકે હમારા અસીલણ તથા બેન અન્યુસા સંગહાર તે વલ્લભભાઈ પટેલની પુત્રનાઓના સદરહુ જમીનો-મકાન વાળી મિલકતમાં વારસાઈથી હકક-હિત, અધિકાર સમાયેલા હતા અને છે. અને જે રીતે સદરહુ તમામ જમીનો-મકાન વાળી મિલકતમાં મર્હુમ માતા સીતાબેન તે વલ્લભભાઈ પટેલની વિધાનાઓના તમામ વારસદારોનાં કાયદેસર લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, અધિકાર સમાયેલા હોય, જે મુજબના ભાગ-હિસ્સા મેળવવા મે. નવસારીના વધારાના સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૬૨/૨૦૨૪ દાખલ કરેલ છે, તથા તેમજ હમારા અસીલણ લક્ષ્મીબેન તે વલ્લભભાઈ પટેલની પુત્રી અને ભીખુભાઈ પટેલની પત્નીના અને બેન અન્સુયા સંગહાર તે વલ્લભભાઈ પટેલની પુત્રના નામો મર્હુમ ભીખાભાઈ કુબેરભાઈ તથા મર્હુમ વલ્લભભાઈ ભીખાભાઈના વારસદારો તરીકે દાખલ કરવામાં આવેલ ન હતા, અને ગરેકાયદેસર રીતે સદરહુ જમીનો-મકાન વાળી મિલકતમાં કરવામાં આવેલ કહેવાતા વિલ રૂએ વારસાઈ નોંધ નં. ૩૩૦ ની વિરૂધ્ધ હમારા અસીલણે કાયદેસર કાર્યવાહી સક્ષમ ઓથોરીટી સમક્ષ શરૂ કરેલ છે. આમ આ રીતે સદરહું તમામ જમીનો-મકાન વાળી મિલકતમાં ઉપરોક્ત મુજબના લીટીગેશનો પેન્ડિંગ છે. જે હકીકતમાં સદરહુ જમીનો-મકાનવાળી મિલકત આખી કે તેનો કોઈપણ ભાગ કોઈ ત્રાહિતને ટ્રાન્સફર એસાઈન કરવા હમારા અસીલણના ત્રણેય ભાઈઓ/મિલકતના સંયુક્ત ખાતેદારો હકકદાર નથી. ઉપરોક્ત સંજોગોમાં સદરહુ જમીનો-મકાન વાળી મિલકત અંગે કોઈએ પણ વેચાણના કે તબદીલીના વ્યવહાર કે તથા અન્ય કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા-કરાવવા નહીં. આમ છતાં જો કોઈ ઈસમ દ્વારા સદરહું જમીનો-મકાન વાળી મિલકત અંગે કોઈપણ પ્રકારે વેચાણના કે તબદીલીના વ્યવહાર કે તથા અન્ય કોઈપણ પ્રકારના વ્યવહાર માલીકી હકકે કે ભાડાથી કે અન્ય કોઈ રીતે રાખવાના વ્યવહારો કરશે તો તેઓને કોઈ રાઈટ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ મળશે નહીં, તેથી ઉલટું, તેવા કૃત્ય કરવા બદલ કે તેમાં સાથ આપવા બદલ તેઓ સામે ફોજદારી/દિવાની રાહે પગલાં ભરવામાં આવશે. અને જેથી સદરહું જમીનો-મકાન વાળી મિલકત અંગે ઝઘડા સિવાય કોઈ ટાઈટલો પ્રાપ્ત થશે નહીં અને તેઓના નાણાં ફસાઈ જશે. આમ કોઈ નિર્દોષ વ્યક્તિઓના નાણાં ફસાઈ નહી તે માટે આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે. આમ છતાં જો કોઈ ઈસમ સદરહું જમીનો-મકાન વાળી મિલકતમાં વેચાણના કે તબદીલીના વ્યવહાર કે તથા અન્ય કોઈપણ પ્રકારના વ્યવહાર કરશે-કરાવશે કે માલીકી હકકે કે ભાડાથી કે અન્ય કોઈ રીતે રાખવાના વ્યવહારો કરશે-કરાવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ઈસમની રહેશે તેની જાહેર જનતાએ નોંધ લેવી.

વિપુલ આર. માસ્તર
તે લક્ષ્મીબેન તે વલ્લભભાઈ પટેલની પુત્રી
અને ભીખુભાઈ પટેલની પત્નીના એડવોકેટ

તા. ૦૧-૦૭-૨૦૨૪
સ્થળઃ નવસારી.

૭૨-એ, ''મુરલીધર'' સર્વોદયનગર સોસાયટી, જમાલપોર, તા. જી. નવસારી. મો: 9227867899, 8980300292